| | | | |
|---|---|---|---|
| | સત્યમેવ જયતે | પ્રાપ્તિ તારીખઃ<br>નોંધ્યા તારીખઃ<br>નિર્ણિત તારીખઃ<br>અવધિઃ | ૨૧/૧૦/૨૦૨૨<br>૨૧/૧૦/૨૦૨૨<br>૧૮/૦૪/૨૦૨૩<br>વર્ષ માસ દીવસ |

**ગોંડલના મહે.ચોથા એડીશ્નલ સેશન્સ જજની અદાલતમાં. મુ.ગોંડલ. જી.રાજકોટ.**

**રાહુલ પી.એસ.રાઘવ,** **આંકઃ 50**
**ચોથા એડીશ્નલ સેશન્સ જજ**

**સ્પેશ્યલ કેસ (POCSO) નં.૩૩/૨૦૨૨**
**વિરપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર**
**૧૧૨૧૩૦૦૧૨૧૦૭૦૦૨૧/૨૦૨૨**

**શ્રી સ ર કા ર**
થ્રુ એડી.પી.પી.શ્રી,એડીશ્નલ સેશન્સ કોર્ટ,
ગોંડલ.જી.રાજકોટ. **............ફરિયાદી**

**વિરૂદ્ધ**

**વિપુલભાઇ મુળજીભાઇ કટારીયા**
ઉ.વ.૨૬.રહે.હાલ–શાપર.સર્વોદય સોસાયટી બસ સ્ટેન્ડવાળી શેરી
શારદાબેનની ઓરડીમાં ભાડેથી.તા.કોટડાસાંગાણી.
મુળ રહે. ગાદોઇ ગામ,તા.વંથલી.જી.જુનાગઢ.
**હાલઃ સબ જેલ ગોંડલ.** **........આરોપી**

**ગુનોઃ–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨–જે)<u>૩૭૬(૩)તથા</u>**
**<u>પોકસો અધિનિયમની કલમ–૪ મુજબ.</u>**

**ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા**
**<u>બચાવ પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એન.બી.પંડયા</u>**

## <u>ચુ કા દો</u>

### ફોર્મ–બી (ક્રિમીનલ મેન્યુઅલ)

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૧૮.૧૨.૨૦૨૧ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૯.૧૨.૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૨.૦૨.૨૦૨૨ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા.૦૯.૧૨.૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૧.૦૧.૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | –– |
| ચુકાદો આપ્યા તારીખ | તા.૧૮.૦૪.૨૦૨૩ |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ,જો હોય તો | –– |

**(૧)** સદર કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨–જે),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪ મુજબ નો ગુનો વિરપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૩૦૦૧૨૧૦ ૭૦૦૨૧ /૨૦૨૨ થી નોંધવામાં આવેલ છે.

**(૨)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૧૮.૧૨.૨૧ ના રોજ ફરીયાદીની ભોગ બનનાર દિકરી ઉ.વ.૧૫ વાળી રસોડા કામ કરતી હોય તેમના પાડોશમાં રહેતા રૂકસાનાબેન સાથે સોડાના કામે જવા

રાજકોટ ખાનગી વાહનમાં બેસી રવાના થયેલ અને આશરે નવેક વાગ્યે રીબડા ચોકડીએ ઉતારેલ તથા સાહેદ રૂકસાનાબેને ફોન કરતા સાહેદ ભરતભાઇ કે જેની સાથે તેઓ અગાઉના રસોડાના કામ કરેલ તે આવેલ અને ભોગ બનનાર તથા સાહેદ રૂકસાનાબેનને શાપર વેરાવળ લઇ ગયેલ અને જયાં બસ સ્ટેન્ડ પાસે નિશાળના ગ્રાઉન્ડ પાસે તેઓ બેસેલ હતા તેવામાં આરોપી ત્યાં આવેલ અને રાતના સાડા અગીયાર વાગ્યાના અરસામાં તેઓની સાથે બેસેલ અને ત્યારબાદ આ કામના આરોપીએ ભાડે રાખેલ ત્યાં તેઓને લઇ ગયેલ ત્યારે સાહેદ ભરતભાઇ ,સાહેદ રૂકસાનાબેન જતા રહેલ પછી આરોપીએ ઓરડીમાં આવી સગીર ભોગ બનનાર બાળાને ઓરડીમાં અંદર લઇ જઇ ભોગ બનનારની ઇચ્છા વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ.ભોગ બનનારની ઉંમર નાની છે તેવુ જાણતા હોવા છતાં દુષ્કર્મ કરી જાતીય ગુના સામે બાળકોને રક્ષણ આપતા કાયદા મુજબનો ગંભીર ગુનો કરેલ જે અન્યવે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા હાલની ફરીયાદ આપેલ છે.

**(૨.૧)** સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાંતા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨–જે),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪ મુજબના ગુનાનુ ચાર્જશીટ **જેતપુર**ની સેશન્સ કોર્ટમાં દાખલ કરેલ જે પોકસો સ્પેશ્યલ કેસ નંબર ૨/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામાં આવેલ.**ત્યારબાદ જેતપુર કોર્ટના જા.નં.૭૯૪/૨૦૨૨ ના પત્રના અનુસંધાને સદરહું પોકસો કેસ ગોંડલની હકુમતનો હોય ટ્રાન્સફર**

**કરવા મહે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીને પત્ર લખતા તે પત્રના અનુસંધાને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી રાજકોટની કચેરીના હુકમ નં.એ/૭૩૫૫/૨૦૨૨ થી ગોંડલની અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ થતા સદરહું કેસ અત્રેની અદાલતમાં આવતા જે પોકસો સ્પેશ્યલ કેસ નં.૩૩/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામાં આવેલ.**

**(૩)** સદરહું કેસ રજીસ્ટરે લીધા બાદ આ કામના આરોપી જેલ મારફતે મુદત તારીખે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળો મળેલ છે તેની ખાતરી કર્યા બાદ સદર ગુનાનુ તહોમતનામું ફરમાવવા બાબતે ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રીને તથા આરોપી તરફેના વિદ્વાન વકીલશ્રી ને સાંભળ્યા.બાદમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૨૮ અન્વયે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨-જે),૩૭૬(૩)તથા પોકસો એકટની કલમ-૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનુ તહોમતનામું **આંક-૧૨** થી તારીખ-**૯-૧૧-૨૦૨૨** ના રોજ ફરમાવી સદરહું તહોમતનામું આરોપીને વાંચી,સંભળાવી,સમજાવતા આરોપીએ **આંક-૧૩**ના નિવેદન થી ઉપરોકત ગુનાનો ઈન્કાર કરતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪)** સદરહું કામે ફરિયાદપક્ષે પોતાના કેસની સાબિતીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

## <u>મૌખિક પુરાવો</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી–લાભુબેન અશોકભાઇ મકવાણાની જુબાની | ૧૭ |
| ૨ | ભોગ બનનારની જુબાની | ૧૯ |
| ૩ | સાહેદ–સાગર અશોકભાઇ મકવાણાની જુબાની | ૨૧ |
| ૪ | ડોકટર–પાયલ મનોજભાઇ ગજેરાની જુબાની | ૨૨ |
| ૫ | ડોકટર–ચંદ્રીકા જગદીશભાઇ કટારાની જુબાની | ૨૬ |
| ૬ | ત.ક.અ.–જીલુભા હીરાભા સીસોદીયાની જુબાની | ૩૦ |
| ૭ | ત.ક.અ.–ભદ્રરાજસિંહ લાલુભા ઝાલાની જુબાની | ૩૯ |

## <u>દસ્તાવેજી પુરાવો</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૧૮ |
| ૨ | ક્રિ.પ્રો.કોડની કલમ ૧૬૪ મુજબનુ ભોગ બનનારનુ નિવેદન | ૨૦ |
| ૩ | ભોગ બનનારનુ મેડીકલ પ્રમાણપત્ર | ૨૩ |
| ૪ | પોલીસ યાદી | ૨૪ |
| ૫ | ભોગ બનનારના એમ.એલ.સી.કેસ પેપર્સ | ૨૫ |
| ૬ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ | ૨૭ |
| ૭ | પોલીસ યાદી | ૨૮ |
| ૮ | આરોપીના એમ.એલ.સી.કેસ પેપર્સ | ૨૯ |
| ૯ | તપાસનો હુકમ | ૩૧ |
| ૧૦ | સ્ટેશન ડાયરીનો ઉતારો | ૩૨ |

| | | |
|---|---|---|
| ૧૧ | ગુનો રજીસ્ટર કરવાનો પત્ર | ૩૩ |
| ૧૨ | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ | ૩૪ |
| ૧૩ | સ્થાનીક જગ્યાનું પંચનામુ | ૩૫ |
| ૧૪ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૩૬ |
| ૧૫ | એફ.એસ.એલ.નો રીપોર્ટ | ૩૭ |
| ૧૬ | આરોપીનુ અટક પંચનામુ | ૪૦ |
| ૧૭ | ડેમોસ્ટ્રેશન પંચનામુ | ૪૧ |
| ૧૮ | ભોગ બનનારના એમ.એલ.સી.કાગળ તથા મેડીકલ સર્ટીફીકેટ | ૪૨ |
| ૧૯ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ | ૪૩ |
| ૨૦ | મુદામાલ રવાનગી નોંધ | ૪૪ |
| ૨૧ | એફ.એસ.એલ.ની પહોંચ | ૪૫ |
| ૨૨ | એફ.એસ.એલ.ની પહોંચ | ૪૬ |
| ૨૩ | એફ.એસ.એલ.નો રીપોર્ટ | ૪૭ |
| ૨૪ | એફ.એસ.એલ.નો રીપોર્ટ | ૪૮ |

**(૫)** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એડી.પી.પી.શ્રી ધ્વારા આંક–૪૯ થી તા.૧૩.૩.૨૦૨૩ ના રોજ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

**(૬)** ત્યારબાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધેલ છે.જેમા આરોપીએ તેઓની સામેની હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને તેઓની સામે ખોટો કેસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે,અને તેઓ પોતાના

બચાવમાં સોગંદ પર જુબાની આપવા તથા બચાવમાં સાક્ષી તપાસવાનો ઈન્કાર કરેલ છે.

(૭) ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી જી.કે.ડોબરીયા હાજર થયેલ છે અને તેઓએ તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, રજુ થયેલ પુરાવા ઉપરથી બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષની હોવાનુ અને આ કામના આરોપીએ ભોગ બનનારને શાપર વેરાવળ ગામે આરોપીએ ભાડે રાખેલ ઓરડીમાં લઈ જઈ ભોગ બનનારની ઈચ્છા અને સંમતી વીના શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે અને આ કામના ફરીયાદી તેમજ ભોગ બનનારની જુબાની લક્ષમાં લેતા તેમજ મેડીકલ પુરાવો તેમજ એફ.એસ.એલ.નો પુરાવો તેમજ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૧૬૪ મુજબનું ભોગ બનનારનુ નિવેદન લક્ષમાં લેતા ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ છે.જેથી આરોપીને તહોમતનામામાં જણાવ્યા મુજબના ગુનાઓમાં મહતમ કેદ તથા દંડની સજા કરવાની રજુઆત કરેલ છે.

(૮) જયારે બચાવ પક્ષ તરફેના વિદ્વાન વકીલશ્રીએ તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે.આ કામના આરોપી નિર્દોષ છે આરોપીએ કોઈ ગુનો કરેલ નથી,આરોપી ભોગ બનનારને કયાંય લઈ ગયેલ નથી કે તેની સાથે શારીરીક સંબંધ બાંધેલ નથી.ફરીયાદીએ હાલની ફરીયાદ શંકાના આધારે આપેલ છે તેવી હકીકત તેમની સોગંદ પરની જુબાનીમાંથી રેકર્ડ પર

આવે છે.જયારે ભોગ બનનાર તેમની જુબાની દરમ્યાન હોસ્ટાઇલ જાહેર થયેલ છે તેમની સમગ્ર જુબાની લક્ષમાં લેતા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનને સમર્થન મળે તેવી કોઇ હકીકત તેની જુબાની ઉપરથી ફલીત થતી નથી.આમ ફરીયાદી તેમજ ભોગ બનનાર તેમજ ભોગ બનનારના ભાઇ કે જે મહત્વના સાક્ષીઓ છે તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે મેડીકલ પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહી.જેથી ઉપરોકત હકીકતો લક્ષમાં લઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની રજુઆત કરવામાં આવેલ છે.

(૯) સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો,રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાો તેમજ બન્ને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ ભોગ બનનાર ઉ.વ.૧૫ વાળીને શાપર વેરાવળ બસ સ્ટેન્ડ પાસેથી આરોપીએ ભાડે રાખેલ ઓરડીમાં લઇ જઇ ભોગબનનારની ઇચ્છા અને સંમતી વિના શરીર સંબંધ બાંધી ઇ.પી.કોડની કલમ **૩૭૬(૨–જે),૩૭૬(૩)** મુજબ શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે? |
| ૨ | શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,ઉપરોકત સમયે,સ્થળે અને તારીખે ભોગ બનનારની ઉંમર નાની છે તેવુ જાણતા હોવા છતાં તેણીની સાથે શરીર સબંધ બાંધી ભોગ બનનાર બાળકી સાથે જાતીય પ્રવેશ તેમજ ઉગ્ર જાતીય પ્રવેશ કરી જાતીય ગુના સામે બાળકોને રક્ષણ આપતા કાયદાની કલમ–૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે? |

| | |
|---|---|
| ૩ | શું હુકમ? |

**(૧૦) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.**

(૧) ન કા ર માં.
(૨) ન કા ર માં.
(૩) આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**<u>મુદા નં.૧ થી ૩</u>**

**(૧૧)** ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય,પુરાવા અને હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવાનું ઉચિત જણાંય છે. આમ સદરહું ઉપરોકત મુદાઓના સંદર્ભે ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી તથા બચાવ પક્ષ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળી. આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને તથા વંચાણે લીધો.

**(૧૨)** ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઇઓ મુજબ ફરીયાદ પક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનું અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં,આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદ પક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ

પ્રોબેબીલીટી એટલે કે સંભવિતતાના સિધ્ધાંત મુજબ સાબીત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરીયાદ પક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત સ્થિતિને લક્ષમાં લઈ ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

**(૧૩)** આંક–૧૭ થી ફરીયાદી–લાભુબેન અશોકભાઈ મકવાણાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,ભોગ બનનાર તેણીની દીકરી થાય છે અને બનાવ સમયે ભોગ બનનાર દિકરીની ઉંમર ૧૬–૧૭ વર્ષની હતી.બનાવના દિવસે ભોગ બનનાર રસોડાના કામે જાવુ છું તેમ કહી ઘરેથી નીકળી ગયેલ હતી અને ત્યારબાદ પરત આવેલ નહી જેથી આજુબાજુમાં સગાવ્હાલામાં શોધખોળ કરેલ હતી ત્યારપછી ભોગ બનનાર અંગે તેમને જાણવા મળેલ કે, આ કામના આરોપી વિપુલ સાથે વાતચીત કરતી હોય તેથી તે ભગાડી ગયેલ હશે તેવી શંકા તેણીને જતા તે શંકાના આધારે ફરીયાદ આપેલી.એવુ બનેલ નથી કે,આરોપી ભોગ બનનારને ભગાડી ગયેલ હોય અને તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય.તેણીએ ગુમસુદાની ફરીયાદ આપેલ તેમ જણાવી આંક–૧૮ ની ફરીયાદમાં તેણીની સહી ઓળખી બતાવેલ છે.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપી વિપુલ ભોગ બનનારને ભગાડી ગયેલ નથી

કે,તેની સાથે શારીરીક સંબંધ બાંધેલ નથી.ભોગ બનનાર દીકરી પોતાની મેળે બહાર ગામ જતી રહેલ હતી મે ફકત ગુમસુદાની ફરીયાદ આપેલ હતી. એ વાત ખરી છે કે,બનાવ સમયે ભોગ બનનાર દિકરીની ઉંમર ૨૦ વર્ષની હતી.

**(૧૪)** આંક-૧૯ થી ભોગ બનનારે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,તેણી ધોરણ-૯ સુધી ભણેલ છે.બનાવ અરસામાં તથા બનાવ પહેલા રસોડામાં કામે જવાનું કામ કરતી હતી અને તેણીને આ કામના આરોપી વિપુલ સાથે ઓળખાણ થયેલ હતી અવાર-નવાર વાતચીત કરતી હતી.બનાવના દીવસે તેણી જુનાગઢ તેની બહેનપણી રૂકસાના સાથે ફરવા ગયેલ હતી.આરોપી વિપુલ તેણીને ભગાડી ગયેલ હોય તેવુ બનેલ નથી.તેમજ આરોપી વિપુલે શાપર ઓરડીમાં તેણીની મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલ નથી તેણી તેની મેળે જુનાગઢ ગયેલ હતી.તેણીની માતાએ વિપુલ સામે શંકાના આધારે આરોપી ભગાડી ગયેલ હશે તેવી ફરીયાદ આપેલ હતી.કોર્ટમાં તેણીનું નિવેદન લેવામાં આવેલ તેમ જણાવી આંક-૨૦ થી રજુ થયેલ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં તેણીની સહી ઓળખી બતાવેલ છે.આમ સદરહું ભોગ બનનાર તેની જુબાની દરમ્યાન ફરીયાદ તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબના નિવેદનની હકીકતને સમર્થન આપતી ન હોય,એડી.પી.પી.શ્રીએ તેણીને હોસ્ટાઈલ જાહેર કરાવડાવી ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને કે ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબના નિવેદનની હકીકતને

સમર્થન મળે તેવી કોઇ હકીકત તેની ઉલટતપાસમાંથી રેકર્ડ પર આવતી નથી.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપી વિપુલ તેણીને ભગાડી ગયેલ નથી કે તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ નથી.તે વાત ખરી છે કે,બનાવ સમયે તેણીની ઉંમર ૨૦ વર્ષની હતી.એ વાત ખરી છે કે,તેણીએ અગાઉનુ નિવેદન આપેલ જે પોલીસના કહેવાથી આપેલ છે.

**(૧૫)** આંક–૨૦ થી સાહેદ–સાગર અશોકભાઇ મકવાણાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,ભોગ બનનાર તેમની બહેન થાય છે અને બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૬–૧૭ વર્ષની હતી. બનાવ ના દિવસે ભોગ બનનાર રસોડાના કામે જાવુ છું તેમ કહી ઘરેથી નીકળી ગયેલ હતી ત્યારપછી ભોગ બનનાર અંગે તેમને જાણવા મળેલ કે,આ કામના આરોપી વિપુલ સાથે વાતચીત કરતી હોય તેથી તે ભગાડી ગયેલ હશે તેવી શંકા તેમને જતા તેની માતાએ શંકાના આધારે પોલીસમાં ફરીયાદ આપેલી.એવુ બનેલ નથી કે,આરોપી વિપુલ ભોગ બનનારને ભગાડી ગયેલ હોય અને તેની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપી વિપુલ ભોગ બનનારને ભગાડી ગયેલ નથી કે તેની સાથે શારીરીક સંબંધ બાંધેલ નથી.ભોગ બનનાર બહેન પોતાની મેળે બહાર ગામ જતી રહેલ હતી.તેની માતાએ ફકત ગુમસુદાની

ફરીયાદ આપેલ.એ વાત ખરી છે કે,બનાવ સમયે ભોગ બનનાર બહેનની ઉંમર ૨૦ વર્ષની હતી.

**(૧૬)** આંક–૨૨ થી મેડીકલ ઓફીસર–પાયલ મનોજભાઇ ગજેરાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,તારીખ ૨૦.૧૨.૨૦૨૧ ના રોજ તેઓ વિરપુર સરકારી હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે ભોગ બનનારને પોલીસ યાદી સાથે તેમની પાસે શારીરીક તપાસણી અર્થે લઇ આવતા તેણીની શારીરીક તપાસણી કરતા તેના શરીર ઉપર બાહય કે અંદરના ભાગે કોઇ ઈજાના નિશાન જોવામાં આવેલ ન હતા.તેણીનું છેલ્લુ માસીક તા.૨૬.૧૧.૨૦૨૧ ના રોજ આવેલ હતુ તેણીના શરીર ઉપર બાહય ઈજાના કોઇ નીશાન ન હતા તેણીના ગુપ્ત ભાગે બાહય ઈજાના નીશાનો ન હતા.તેમના અભિપ્રાય મુજબ તેણીની સાથે શારીરીક સંભોગની શકયતા નકારી શકાય નહી.તેઓએ ભોગ બનનારના શરીર ઉપરથી જરૂરી નમુના લઈ એફ.એસ.એલ. તપાસણી અર્થે મોકલેલા. જુબાની દરમ્યાન આંક–૨૩ થી ૨૫ સુધીથી ભોગ બનનારનુ મેડીકલ પ્રમાણપત્ર,પોલીસ યાદી તેમજ ભોગ બનનારના એમ.એલ.સી.કેસ પેપર્સ રજુ રાખેલ છે.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,ભોગ બનનારના શરીર ઉપર બળજબરી પુર્વક શરીર સંબંધ બાંધેલ હોય તેવા ચિન્હો જોવામાં આવેલ ન હતા.એ વાત ખરી છે કે,ભોગ બનનારના શરીર ઉપર સીમેનની કોઇ હાજરી મળી

આવેલ ન હતી.

**(૧૭)** આંક–૨૬ થી મેડીકલ ઓફીસર–ચંદ્રીકા જગદીશભાઈ કટારાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૨૧.૧.૨૦૨૨ ના રોજ વિરપુર સરકારી હોસ્પીટલમાં ફરજ પર હતી ત્યારે આરોપીને મેડીકલ તપાસણી માટે લઈ આવતા તેની શારીરીક તપાસણી કરતા આરોપીના શરીર ઉપર બાહ્ય ભાગમાં કે પ્રાઈવેટ ભાગમાં કોઈ ઈજાના નીશાન જોવા મળેલા નહી.આરોપીના સેકન્ડરી સેકસ અવયવો ડેવલપ થયેલા હતા અને તપાસણી બાદ મેડીકલ પ્રમાણપત્ર આપેલ.તેમના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સંબંધ બાંધવા સક્ષમ હતો.આરોપીના શરીરમાંથી જરૂરી નમુના મેળવી એફ.એસ.એલ.તરફ મોકલી આપેલી. જુબાની દરમ્યાન આંક–૨૭ થી ૨૯ સુધીથી આરોપીનું મેડીકલ પ્રમાણપત્ર, પોલીસ યાદી તેમજ આરોપીના એમ.એલ.સી.કેસ પેપર્સ રજુ રાખેલ છે.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આરોપીએ બળજબરી પુર્વક શરીર સંબંધ બાંધેલ હોય તેવા ચિન્હો જોવામાં આવેલ ન હતા.એ વાત ખરી છે કે,આરોપીના તથા ભોગ બનનારના શરીર ઉપર સીમેનની કોઈ હાજરી મળી આવેલ ન હતી.

**(૧૮)** આંક–૩૦ થી તપાસ કરનાર અધીકારી–જીલુભા હિરાભા સીસોદીયાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ

૧૯.૧૨.૨૦૨૧ ના રોજ તેઓ વિરપુરમાં પી.આઇ.તરીકે ફરજ પર હતા ત્યારે આ કામના ફરીયાદીએ તેમના રૂબરૂ ફરીયાદ આપતા તેમના લખાવ્યા મુજબ લખી લઈ ગુનો દાખલ થવા પી.એસ.ઓ.તરફ મોકલી આપેલ બાદમાં હાલના ગુનાની તપાસ તેને મળતા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા,ભોગ બનનારનુ નિવેદન લીધેલ,ભોગ બનનાર તેમજ આરોપીના કપડા પંચનામાની વિગતે કબજે લીધેલા,બન્નેની મેડીકલ તપાસણી કરાવેલી ત્યારબાદ આ ગુનાની તપાસ વસાવાને સોપેલ હતી. રેકર્ડ જોતા આ ગુનાની તપાસ બી.એલ.ઝાલાએ પણ કરેલ છે. આ ગુનાનું ચાર્જશીટ બી.એલ.ઝાલા કરેલ છે.જુબાની દરમ્યાન આંક–૩૧ થી ૩૭ સુધીથી દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**(૧૯)** આંક–૩૯ થી તપાસ કરનાર અધીકારી–ભદ્રરાજસિંહ લાલુભા ઝાલાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૨૧.૦૧.૨૦૨૨ ના રોજ તેઓ વિરપુરમાં ઇન્ચાર્જ પી.એસ.આઇ.તરીકે ફરજ પર હતા ત્યારે હાલના ગુનાની તપાસ મળતા સાહેદોના નિવેદનો લીધેલા,ભોગ બનનારનુ નિવેદન લીધેલ,તેમજ ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લેવડાવેલ.આરોપીને અટક કરેલ ત્યારબાદ પુરતો પુરાવો જણાંતા આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ.જુબાની દરમ્યાન આંક–૪૦ થી ૪૮ સુધીથી દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**(૨૦)** આમ ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી

પુરાવો લક્ષમાં લેતા આ કામના આરોપી વિરૂધ્ધ પોકસો એકટ તથા આઇ.પી.સી.ની કલમ ૩૭૬(૨–જે)૩૭૬(૩) અન્વયેના સજાને પાત્ર ગુના અંગેનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.આ કામના ભોગ બનનારની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે તેમજ ફરીયાદીએ તેમની ફરીયાદ હકીકતે સમર્થન મળે તેવી કોઇ હકીકત તેની સમગ્ર જુબાનીમાં જણાવેલ નથી.હાલની ફરીયાદ શંકાના આધારે આરોપી સામે આપેલ હોવાની હકીકત જણાવેલ છે.આમ ઉપરોકત ભોગ બનનાર તથા તેના માતા તેમજ ભાઈ આ કામમાં ખુબ જ અગત્યના અને મહત્વના સાક્ષી છે તેમ છતાં તેઓ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળે કેવી કોઇ હકીકત જણાવતા નથી.તેઓની જુબાનીમાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૨૦ વર્ષની હોવાનું અને હાલની ફરીયાદ આરોપી સામે શંકાના આધારે આપેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે.જયારે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા જયારે ખુદ ભોગ બનનાર તેની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતી ન હોય જેથી મેડીકલ પુરાવો ફરીયાદપક્ષને હાલના કેસમાં મદદરૂપ થતો નથી.ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નુ નિવેદન લક્ષમાં લેતા ફરીયાદપક્ષને મદદરૂપ થતુ નથી.ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા બનાવના દિવસે આ કામનો આરોપી ભોગ બનનારને બદનામ કરવાના ઈરાદે શાપર વેરાવળ બસ સ્ટેન્ડ પાસેથી લઈ જઈ આરોપીએ ભાડે રાખેલ ઓરડીમાં ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શારીરીક સંબંધ બાંધેલ હોવાની હકીકત

પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય જેથી મુદા નં.૧ થી ૨ નો જવાબ નકારમાં આપી મુદા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>હુ ક મ</u> :: -

**(૧)** આ કામના આરોપી-**વિપુલભાઇ મુળજીભાઇ કટારીયા**.રહે.હાલ- શાપર.સર્વોદય સોસાયટી બસ સ્ટેન્ડવાળી શેરી,શારદાબેનની ઓરડીમાં ભાડેથી.તા.કોટડાસાંગાણી.મુળ રહે. ગાદોઇ ગામ,તા.વંથલી.જી. જુનાગઢ વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-**૩૭૬(૨-જે),૩૭૬(૩)** તથા પોક્સો એકટની **કલમ-૪,**મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપી જો અન્ય ગુનાના કામે જેલમાં ન હોય તો તાત્કાલીક જેલ મુકત કરવા માટે સંબંધીત જેલરશ્રીને હુકમની યાદીથી જાણ કરવી.

**૩.** આરોપીએ અપીલ સમયના જામીન ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે રૂપીયા ૧૫,૦૦૦/-ના આપવા.

**૪.** અપીલ સમય વિત્યેથી કબજે લેવાયેલ મુદામાલ સેમ્સંગ કંપનીનો મોબાઇલ ફોન નંગ-૧ ની માલીકીપણાની ખરાઇ કરી તેના મુળ માલીકને સોપવાનો હુકમ કરવામાં આવે છે જયારે અન્ય મુદામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** આ કામમાં કેસના સંજોગો તથા હકીકતો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૭(એ) તથા પોકસો એકટની કલમ ૩૩(૮) તથા પોકસો રૂલ્સ–૯ મુજબ તેમજ ગુજરાત વિકટીમ કોમ્પેનસેશન સ્કીમ–૨૦૧૯ અન્વયે,ભોગ બનનારને કોઈપણ જાતનુ વળતર આપવુ ન્યાયી કે ઉચિત જણાતુ નથી.જેથી ભોગ બનનારને વળતર ચુકવવા અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ **તા.૧૮મી,**માહે,**એપ્રિલ,સને–૨૦૨૩**ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૮.૪.૨૦૨૩
સ્થળઃ ગોંડલ

**(રાહુલ પી.એસ.રાઘવ)**
**ચોથા એડીશ્નલ સેસન્સ જજ**
**ગોંડલ**
UIC No.GJ 01508.